Translation of State Government's circular regarding reservation of Seats for SC-ST-SEBC

Regarding UGC guideline for
reservation policy

Read : Guideline for reservation policy issued by University Grants Commission vide Letter No. F.1-5/2006(SCT)/2006 Dt.25.08.2006

Government of Gujarat
Department of Education
Circular No. UGY/1209/3496/part-1/kh-2
Date:24/10/2016

# Circular

All the Universities, Affiliated college, approved institutions, Heads of University Department and Professor Incharge of University Postgraduate centre working under this department are hereby informed to follow the reservation policy for admission, recruitment etc. in Government, Semi Government and Grant in Aid institution.

Proportion of Reservation :

| Sr. No. | Detail | % of posts to keep Reserved |
|---|---|---|
| 1 | Scheduled Castes | 07 |
| 2 | Scheduled Tribes | 15 |
| 3 | Socially and Economically Backward Casts SEBC | 27 |

By order and in the name Governor of Gujarat.

Sd/-
(Nikunj Jani)
Under Secretary.
Education Department

અનામત નીતિ અંગે યુ.જી.સી.ની
ગાઇડલાઇન બાબતે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ઉગચ/૧૨૦૯/૩૪૯૬/પાર્ટ-૧/ખ-૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૪.૧૦.૨૦૧૬

વંચાણે લીધા-

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ન્યુ દિલ્હીના પતર ક્રમાંક: એફ.૧-૫/૨૦૦૬ (એસ.ટી.સી) તા.૨૫.૦૮.૨૦૦૬ થી બહાર પાડેલ અનામત નીતિ પરત્વેની ગાઇડલાઇન

પ રિ પ ત્ર :-

આથી આ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી દ્વારા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાના સરકારશ્રી તથા વિવિધ વૈધાનિક સંસ્થાઓ દ્વારા જે આદેશો આપવામાં આવેલ છે, તે મુજબ સંસ્થામાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવે તે અપેક્ષિત છે. વધુમાં કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ સરકારી/અર્ધસરકારી/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં વિદ્યાર્થી પ્રવેશ તથા સ્ટાફ ભરતી પ્રક્રિયામાં તેમજ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/ સંસ્થાઓમાં માત્ર વિદ્યાર્થી પ્રવેશમાં અનામત નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. જેથી અનામત નીતિ અંગેની પ્રવતમાન જોગવાઇઓને ધ્યાને લેતા વહીવટી સરળતા ખાતર તેમજ વહીવટકર્તા/અમલકર્તાઓને યોગ્ય સમજ મળી રહે તે હેતુસર યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં અનામત કેટીગરીમાં પ્રવેશ અંગેની તેમજ સ્ટાફ ભરતી અંગેની નીતિ તમામ સંસ્થાઓમાં એક જ સરખી રહે તે હેતુસર અનામત અંગેની સંક્ષિપ્ત જોગવાઇઓ નીચે મુજબ છે, જેનો ચુસ્તપણે અમલ કરવા આથી સર્વે સંબધકર્તાઓને જણાવવામાં આવે છે.

- <u>અનામત પ્રમાણ :-</u>

| ક્રમ | વિગત | અનામત રાખવાની થતી જગ્યાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અનામત જાતિ (શેડ્યુલ્ડ કાસ્ટસ) | ૦૭% |
| ૨ | અનુસૂચિત જનજાતિ (શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) | ૧૫% |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી) | ૨૭% |

- **વિદ્યાર્થી પ્રવેશ :-**

(૧) સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ., પીએચ.ડી. વગેરે કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી પ્રવેશ નિયત પ્રમાણ મુજબ પ્રવેશ.

(૨) પ્રવેશ માટેની નિયત શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, પ્રવેશ પરિક્ષામાં પાસિંગ સ્ટાન્ડર્ડ વગેરેમાં કેન્દ્ર સરકારશ્રી, યુ.જી.સી., વિવિધ વૈધાનિક સંસ્થાઓના નિયમોને આધીન છૂટછાટ આપવાની થશે.

(૩) અનુસૂચિત જાતિ, જનજાતિના વિદ્યાર્થી પ્રવેશમાં નીચલી ટકાવારી અંગેની ખાસ કોઇ જોગવાઇ અમલમાં ન હોય તો સદર વિદ્યાર્થીઓની અપ્રાપ્યતાના કિસ્સામાં પાસિંગ સ્ટાન્ડર્ડ સુધી પ્રવેશ આપવાનો રહેશે.

(૪) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અલગથી પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

(૫) જો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ નિયત ધોરણો જેવાકે, પ્રવેશપત્ર ફી, સત્ર ફી જે તેઓને લાગુ પડતી હોય, તે ભરવામાંથી છુટછાટ લીધા સિવાય, પોતાની ગુણવત્તાને આધારે સામાન્ય મેરીટ મુજબ જો પ્રવેશ પામે તો તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને તે કેટેગરીના નિયત પ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહીં, પરંતુ સામાન્ય કક્ષામાં તેઓને પ્રવેશ મળેલો ગણવાનો રહેશે.

(૬) અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો નિયત પ્રમાણ મુજબ ઉપલબ્ધ ન થાય તો અનુસૂચિત જાતિ/ જનજાતિમાં અરસ-પરસની જે કેટેગરીમાં જગ્યા ખાલી હોય તેમાં અરસ-પરસ પ્રવેશ આપી શકાશે.

(૭) અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો નિયત પ્રમાણ મુજબ ઉપલબ્ધ ન થાય તો રાષ્ટ્રીય કક્ષાના વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધ કરવી.

(૮) પ્રવેશ પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા શોર્ટ ટર્મ કોચીંગ ક્લાસનું આયોજન કરવું.

(૯) પ્રવેશ પ્રક્રિયા સમિતિમાં અનુસૂચિત જાતિ/જનજાતિ પૈકીના એક પ્રતિનિધિ હોવા આવશ્યક છે.

- **સ્ટાફ ભરતી :-**

(૧) અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો માતે અલગથી ઇન્ટરવ્યુ કાર્યવાહી કરવાની રહેશે.

(૨) જો અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો નિયત ધોરણો જેવાકે, આવેદનપત્ર ફી વગેરે જે તેઓને લાગુ પડતી હોય, તે ભરવામાંથી છુટછાટ લીધા સિવાય, પોતાની ગુણવત્તાને આધારે સામાન્ય મેરીટ મુજબ જો પસંદગી

પામે તો તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને તે કેટેગરીના નિયત પ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહીં, પરંતુ સામાન્ય કક્ષામાં ગણવા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯.૦૧.૨૦૦૦ અને તા.૨૩.૦૭.૨૦૦૪ ની સૂચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે તેમજ સરકારની રોસ્ટર અંગેની વખતો વખતની પ્રવતમાન સૂચનાઓને અનુસરવાનું રહેશે.

(૩) જો બઢતીમાં ફીડર કેડરમાં અનામત કક્ષાના ઉમેદવારો ઉપલબ્ધ ન બને તો જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે તથા પ્રમાણ જાળવવાનું રહેશે.

(૪) સરકારશ્રીએ નિયત કરેલ રોસ્ટર ક્રમાંકો મુજબ ભરતી/બઢતી કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સ્ટાફ ભરતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારોને તૈયાર કરવા શોર્ટ ટર્મ કોચીંગ કલાસનું આયોજન કરવું.

(૬) વરણી સમિતિમાં અનુસૂચિત જાતિ/જનજાતિના ૧ પ્રતિનીધિ હોવા આવશ્યક છે.

- <u>હોસ્ટેલ પ્રવેશ :-</u>

(૧) નિયત પ્રમાણ મુજબ પ્રવેશ.

(૨) અનુસૂચિત જાતિ/જનજાતિના વિદ્યાર્થીઓ પાસેથી કોઇ પ્રકારનું ભાડુ લેવાનું રહેશે નહી.

- <u>સ્ટાફ આવાસ :-</u>

(૧) નિયત પ્રમાણ મુજબ ફાળવણી

તમામ યુનિવર્સિટી ખાતે કામગીરીના સંકલન, નિયંત્રણ, અમલીકરણ માટે નાયબ કુલસચિવ કક્ષાના અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ છે. અનામત નીતિના અમલ અર્થે દરેક કોલેજ કક્ષાએ જે તે કોલેજના આચાર્યશ્રીના અધ્યક્ષ સ્થાને સલાહકાર સમિતિની રચના કરવાની રહેશે. જેનું માળખું નીચે મુજબ છે. સમિતિની બેઠક દર ત્રણ માસે બોલાવવાની રહેશે. જે તે બેઠકમાં અગાઉની બેઠકોમાં થયેલી કાર્યવાહીની સમીક્ષા કરવાની રહેશે. જે તે કોલેજ/સંસ્થામાં કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ આરક્ષણ નીતિ તથા તે પરત્વે વિદ્યાર્થી પ્રવેશ/સ્ટાફ ભરતી બાબતમાં પ્રમાણ જાળવવા અંગેની સમીક્ષા, નિયંત્રણ, અમલીકરણ કરવાનુંવ રહેશે. તેમજ કમિટીની રચના અને કાર્યવાહી જાણ અત્રેની યુનિવર્સિટીના એસ.સી.-એસ.ટી સેલને કરવાની રહેશે.

- <u>કોલેજ ખાતેની સલાહકાર સમિતિ :-</u>

(૧) સંબધિત સંસ્થાના આચાર્ય/ વડા – અધ્યક્ષ

(૨) બે થી ચાર શૈક્ષણિક સ્ટાફ – સભ્યશ્રી

(જેમાં અનુસૂચિત જાતિ/જનજાતિના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.)

(૩) અ. સંબધિત જિલ્લાના જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી } સરકારશ્રીના
બ. તકેદારી અધિકારીશ્રી, આદિજાતિ કલ્યાણ } પ્રતિનિધિ

(૪) નાયબ કુલસચિવશ્રી, એસ.સી.-એસ.ટી. સેલ –યુનિવર્સિટીના પ્રતિનિધિ

અનામત નીતિના અમલ બાબતે સંદર્ભિત પત્રથી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને બહાર પાડેલ ગાઇડ લાઇનની નકલ પણ આ સાથે અમલ અર્થે સામેલ છે, જેનો ચુસ્ત અમલ થાય તે માટે કરવા સર્વે યુનિવર્સિટીને જણાવવામાં આવે છે.

યુનિવર્સિટીના સક્ષમ સત્તામંડળમાં પ્રસ્તુત પરિપત્રમાંની સૂચનાઓ અન્વયે નિયમોનુસાર કાર્યવાહી કરી યુનિવર્સિટીના લાગુ પડતા સ્ટેચ્યુટ/ઓર્ડીનન્સ /રેગ્યુલેશન કે રૂલ્સમાં સૂધારો કરવા કે આ પરિપત્રની જોગવાઇઓ દાખલ કરવા શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓને આદેશ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

[illegible] સા.વ.વિ.નો તા.૨૯-૨-૨૦૦૦
[illegible] તા.૨૨-૩-૨૦૦૮નો પરિપત્ર

(નિકુંજ જાની)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

---

૪૦૨૨૩૫
ક્રમાંક : CHE/ISC-7/૧૬/ ૪૦૫૨૩
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૦૪/૧૦/૨૦૧૬.

૨/– શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઉકત તા.૨૪/૧૦/૧૬ ના પરિપત્ર ક્રમાંક: ઉગચ/૧૨૦૯/૩૪૯૬/પાર્ટ–૧/ ખ–૨ થી જણાવેલ વિગતો અનુસારની આપની કક્ષાએથી ધ્યાને લઈ તે સુચનાઓનો અમલીકરણ તાકિદે કરવા કરવા સારુ.

નાયબ નિયામક
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સિટીઓ, તમામ.
- આચાર્યશ્રી, સરકારી કોલેજ, તમામ.
- આચાર્યશ્રી, બિનસરકારી અનુદાનિત કોલેજો, તમામ.
- કે.સી.જી. કચેરી,અમદાવાદ
- હુકમ ફાઈલે.

૪૧૫/૮૬

અનામત વર્ગોને અપાતી છૂટછાટો અને રાહતો બાબતમાં સ્પષ્ટતાઓ કરવા અંગે

---

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પવસ-૧૦૯૯-મુમ-૧૩-ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯/૧/૨૦૦૦

<u>વંચાણમાં લીધા :-</u>

૧. સા.વ.વિ.નો તા. ૧૧.૧૨.૧૯૮૬નો ઠરાવ ક્રમાંક : પવસ-૧૩૮૬-(૧)-ગ-૫,
૨. સા.વ.વિ.નો તા. ૨૦.૫.૧૯૯૩નો ઠરાવ ક્રમાંક : પવસ-૧૨૯૦-૨૨૨૨-ગ-૪,
૩. સા.વ.વિ.નો તા. ૮.૩.૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : પવસ-૧૬૯૬-૮૭૮-ગ-૪,
૪. ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય (કર્મચારી ગણ અને તાલીમ વિભાગ) ની તા. ૧.૭.૯૮ની કચેરી યાદી ક્રમાંક ૩૬૦૧૧/ ૧/૯૮ -ઈએસટીટી- (આર.ઈ.એસ),
૫. સા.વ.વિ.નો તા. ૩૧.૮.૯૯નો પરિપત્ર ક્રમાંક : પવસ-૧૬૯૬-૮૭૮-ગ.૪,

**પરિપત્ર :-**

સીધી ભરતીની નિમણૂકોના કેસોમાં ઉપર સંદર્ભ-૩ હેઠળના સરકારના સા.વ.વિ.ના તા.૮.૩.૯૯ના ઠરાવમાં અને સંદર્ભ -૫ હેઠળના તા. ૩૧.૮.૯૯ના પરિપત્રમાં અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જે વ્યકિતઓ અનામતના હિસાબે નહી, પરંતુ તેમની પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામી નિમાયેલા હોય તેમને તેમના અનામતના નિર્ધારિત કવોટા સામે ગણતરીમાં ન લેવા એટલે કે તેમને રોસ્ટરમાં બિન અનામત ક્રમાંકો સામે સ્થાન આપી સામાન્ય વર્ગના ઉમેદવારો તરીકે ગણવાના રહેશે, તેવી જે જોગવાઈ અને સ્પષ્ટતા કરવામાં આવેલી છે, તેમાં ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન, કર્મચારીગણ અને તાલીમ ખાતાના ઉપર સંદર્ભ- ૫ હેઠળની તા. ૧.૭.૯૮ની કચેરી યાદીને અનુલક્ષી કેટલીક સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં કાળજીપૂર્વક અને પુખ્ત વિચારણાના અંતે તે અંગે હવે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સામાન્ય વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય એ જ ધોરણે પસંદગી પામેલા હોય એવા જ અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો માત્રને જ તેમની અનામતની નહી પરંતુ બિન અનામતની જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે/ સરભર કરવાના રહેશે. જ્યારે વય મર્યાદા, અનુભવની લાયકાત, લેખિત પરીક્ષામાં મળવાપાત્ર તકોની સંખ્યા, સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા વિચારણાના ક્ષેત્ર, વગેરેમાં અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની પસંદગીમાં છૂટછાટનું ધોરણ લાગુ પાડેલ

હોય ત્યારે તદ્અન્વયે પસંદગી પામેલા અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જન જાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને તેમની અનામતની જગ્યાઓ સામે ગણવાના રહેશે. આવા ઉમેદવારો બિન અનામત જગ્યાઓ સામેની વિચારણા માટે બિન ઉપલબ્ધ હોવાનું ગણાશે.

૨. સંદર્ભ હેઠળના સરકારના સા.વ.વિ.ના તા. ૮.૩.૯૯ના ઠરાવને અમલિત કરતી વખતે ઉપરોક્ત સ્પષ્ટતાઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મ.ચી. શાહ )
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
વિરોધ પક્ષના નેતાશ્રીનાં અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,

× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા આયોગ, અમદાવાદ,
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,

સચિવાલયના તમામ વિભાગો,
તમામ ખાતાના વડાની કચેરી,
હિસાબી અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ,
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડિટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૨) ઓડિટ, ગુજરાત રાજ્ય, રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર,
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર,
સર્વે બોર્ડ/ કોર્પોરેશનો, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ,
રાજ્ય સરકાર હેઠળના સર્વે માન્ય મંડળો,
સા.વ.વિભાગની તમામ શાખાઓ,
સિલેક્ટ ફાઈલ

---

× પત્ર દ્વારા.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પવસ-૧૦૨૦૦૩-[illegible]-ગ.૪.
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- /૭/૨૦૦૪.

23 JUL 2004

વંચાણમાં લીધાઃ-

(૧) સા.વ.વિ.નો તા.૮-૩-'૯૯ નો ઠરાવ ક્રમાંકઃ-પવસ-૧૦૯૯-[illegible]-ગ.૪.
(૨) સા.વ.વિ.નો તા.૨૯-૧-૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંકઃપવસ-[illegible]
૧૩-ગ.૪,
(૩) ભારત સરકારના કર્મચારીગણ લોકફરીયાદ અને પેન્શન મંત્રાલય,( કર્મચારીગણ અને તાલીમ પ્રભાગ)ના તા.૩૧-૧૨-૦૩ નો પત્ર ક્રઃ ૩૬૦૨૮ [illegible] ૨૦૦૩ -ઈએસટી(રીઝર્વેશન)

:: પરિપત્ર ::

સરકારના સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૨) હેઠળના તા.૨૯-૧-૨૦૦૦ ના પરિપત્રથી બહાર પાડવામાં આવેલી સૂચનાઓ મુજબ સામાન્ય વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય તે જ ધોરણે પસંદગી પામેલા હોય એવા જ અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માત્રને જ તેમની અનામતની નહી પરંતુ બિનઅનામતની જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે / સરભર કરવાના રહેશે. જ્યારે વયમર્યાદા, અનુભવની લાયકાત, લેખિત પરીક્ષામાં મળવાપાત્ર તકોની સંખ્યા, સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા વિચારણાના ક્ષેત્ર વગેરેમાં અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોના પસંદગીમાં છૂટછાટનું ધોરણ લાગુ પાડવામાં આવ્યું હોય તેવા પસંદગી પામેલા અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને તેમની અનામતની જગ્યાઓ સામે ગણવાના રહેશે. આવા ઉમેદવારો બિનઅનામત જગ્યાઓ સામેની વિચારણા માટે બિનઉપલબ્ધ હોવાનું ગણવામાં આવે છે.

૨. ઉપર્યુકત સૂચના મુજબ જો અનામત વર્ગના ઉમેદવારોને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા કે રૂબરૂ મુલાકાત માટે લાયકી ધોરણમાં છૂટછાટ આપવામાં આવેલ હોય તેમજ પરીક્ષા ફી ચુકવવામાંથી મુકિત આપવામાં આવેલ હોય તો તેવા અનામત વર્ગના ઉમેદવારો બિનઅનામત જગ્યા સામે ગણવા કે કેમ ? અથવા તેઓ સ્પર્ધા કરી શકે કે કેમ ? તે અંગે સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારની કાળજીપૂર્વકની વિચારણાના અંતે સ્પષ્ટતા કરવામાં આવે છે કે બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણમાં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પસંદગી પામેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જ.જા., અને સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોને અનામતની જગ્યા સામે સરભર કરવાના રહેશે નહિ પરંતુ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ માટેની લાયકાતના ગુણમાં છૂટછાટ મેળવીને પસંદગી પામેલા અનુ.જાતિ / અનુ.જ.જા. / સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોને અનામત જગ્યા સામે ગણવાના રહેશે. આમ છતાં, પરીક્ષા ફી ચુકવવામાંથી મુકિત અપાયેલ હોય તેવા અનામત વર્ગના ઉમેદવારોને બિનઅનામત ખાલી જગ્યા માટેની સ્પર્ધા માટે પ્રતિબંધિત કરી શકાશે નહિ.

સંદર્ભ (૧) સામે દર્શાવેલા સામાન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવને આગળ વધારી ઉપરોક્ત સ્પષ્ટતાઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ. એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,
સર્વે ખાતાના વડાઓ
- હિસાબી અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
- પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(૧) ઓડિટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(૨) ઓડિટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સર્વે બોર્ડ કોર્પોરેશનો, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ/યુનિવર્સિટીઓ.
રાજ્ય સરકાર હેઠળના સર્વે માન્ય મંડળો.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ, વિશિષ્ટ ફાઈલ.

---

- પત્ર દ્વારા.

આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) અનામત માટે પાત્રતા પ્રમાણપત્ર આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૧/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ

ઠરાવ:

ગુજરાત સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલા તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગોમાં આવરી લેવાઇ ન હોય તેવી જાતિઓ પૈકીના આર્થિક રીતે નબળા વર્ગો માટે વધારાના ૧૦ ટકા અનામતની નીતિ તા.૧૪/૦૧/૨૦૧૯ ની અસરથી અમલમાં મૂકી છે

૨ વંચાણે લીધેલા તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવથી નક્કી થયા મુજબ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગો સિવાયની જાતિઓ પૈકીના આર્થિક રીતે નબળા વર્ગોને નવી અનામત નીતિનો લાભ આપવા માટે રાજ્ય સરકારે અરજદારના કુટુંબના તમામ સ્રોત મળીને થતી કુલ આવક રૂ.૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ પૂરા) કરતાં ઓછી થતી હોય તેવી વ્યક્તિઓ/ ઉમેદવારોને અનામતનો લાભ આપવાનું ઠરાવ્યું છે.

૩ સરકારે વંચાણે લીધેલા તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગોના પ્રમાણપત્ર આપવા માટે નીચેના અધિકારીઓને સક્ષમ અધિકારીઓ તરીકે અધિકૃત કર્યા છે.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ/ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/ કલેક્ટર / અધિક કલેક્ટર /નાયબ કલેક્ટર/ આસિ.કલેક્ટર

(૨) મામલતદાર/તેહશીલદારની કક્ષાથી નીચેની કક્ષાના ન હોય તેવા રેવન્યુ અધિકારીઓ.

(3) તાલુકા વિકાસ અધિકારી

(૪) જિલ્લા નાયબ નિયામક(વિકસતી જાતિ કલ્યાણ)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ કલ્યાણ)

(૫) અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ભારત સરકાર હેઠળના અનામતનો લાભ લેવા માટે પાત્રતાના પ્રમાણપત્ર આપવા માટે મામલતદાર/તહેશીલદારની કક્ષાથી ઉતરતા ન હોય તેવા અધિકારીઓ સક્ષમ સત્તાધિકારીઓ ગણાશે.

૪ જ્યાં સક્ષમ અધિકારી યોગ્યતા પ્રમાણપત્ર આપવાનો ઇન્કાર કરે અથવા ખોટું પ્રમાણપત્ર અપાયું હોય તો તેના ઉપર અપીલ (appellate) અધિકારીઓ અને તે અંગે હાથ ધરવાની પ્રક્રિયા નીચે મુજબ ઠરાવવામાં આવી છે.

(૧) મામલતદાર/તેહશીલદાર/તાલુકા વિકાસ અધિકારી/નાયબ નિયામક (વિ.જા.ક.) /સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.ક.) એ નિર્ણય કરેલ હોય તો પ્રાંત અધિકારી/નાયબ કલેકટરશ્રી/મદદનીશ કલેકટરશ્રીને અપીલ કરી શકાશે.

(૨) અધિક કલેકટર/પ્રાંત અધિકારી/નાયબ કલેકટર/મદદનીશ કલેકટરએ નિર્ણય કરેલ હોય તો જિલ્લા કલેકટરને અપીલ કરી શકાશે.

(૩) જિલ્લા કલેકટરે નિર્ણય કરેલ હોય તો રાજ્ય વિશ્લેષણ સમિતિને અપીલ કરી શકાશે.

(૪) અપીલ (appellate) અધિકારીઓએ તેઓને મળેલ અરજીઓનો નિકાલ શક્ય હોય ત્યાં સુધી ૩૦ દિવસની સમય મર્યાદામાં કરવાનો રહેશે.

(૫) પાત્રતા પ્રમાણપત્ર આપવા માટે તેમજ અપીલના નિકાલ માટે ઊભા થતા રેકર્ડ-ફાઇલોને કાયમી ધોરણે સાચવવાના રહેશે.

૫ આર્થિક રીતે નબળા વર્ગો માટેના અનામતના આ લાભ માટે અરજદારના કુટુંબની બધા સ્રોતમાંથી થતી આવકની ગણતરીના હેતુ માટે કુટુંબની વ્યાખ્યા અને બધા સ્રોતની ગણતરી નીચે મુજબ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) કુટુંબની વ્યાખ્યામાં જે વ્યક્તિ અનામતનો લાભ લેવા ઈચ્છે છે તે પોતે, તેના/તેણીના માતા-પિતા અને તેમના ૧૮ વર્ષથી નાની વયના બાળકો એટલે કે અરજદારના ભાઈ-બહેનનો સમાવેશ થશે.

(૨) અનામતનો લાભ લેવા ઇચ્છતા અરજદારની પત્ની અથવા તેણીનો પતિ અને તેમના ૧૮ વર્ષથી નીચેના બાળકોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

(૩) આવકમાં કુટુંબના બધા સ્રોત જેવા કે, પગાર, કૃષિ, ધંધો, વ્યવસાય વિગેરેનો સમાવેશ કરવાનો રહેશે.

(૪) ઉમેદવાર જે વર્ષમાં અનામતનો લાભ લેવા ઈચ્છતો હોય તેના આગળના નાણાકીય વર્ષની ઉપરોકત તમામ સભ્યોની સંયુકત અને બધા સ્રોતમાંથી ઊભી થતી આવક ગણતરીમાં લેવાની રહેશે.

૬ આર્થિક રીતે નબળા વર્ગો માટેના અનામતના લાભ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલા તા.૨૩/૧/૨૦૧૯ના ઠરાવની જોગવાઇઓ અને આ ઠરાવના ઉપરના ફકરાઓમાં સમાવેલા માપદંડોને ધ્યાને રાખીને યોગ્યતા પ્રમાણપત્ર માટેની અરજીનો નમૂનો આ ઠરાવ સાથેના પરિશિષ્ટ-ક મુજબ નક્કી કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સક્ષમ અધિકારીને જરૂરી જણાય તો યોગ્યતા પ્રમાણપત્ર આપવા માટે જરૂરી હોય તેવી નિયત નમુનામા અરજી પત્રકમાં સમાવાયેલી વિગતો સિવાયની વિગતો પણ માંગી શકશે.

૭ આર્થિક રીતે નબળા વર્ગો માટે જરૂરી પાત્રતાનું પ્રમાણપત્ર અંગ્રેજીમાં આ સાથેના પરિશિષ્ટ(Annexure)-ખ(KH) અને ગુજરાતીમાં આ સાથેના પરિશિષ્ટ-ગ પ્રમાણે રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- વિભાગના સર્વે અધિક સચિવશ્રી/ સંયુકત સચિવશ્રી/ ઉપ સચિવશ્રીઓ, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ઠરાવ્યા મુજબનું પ્રમાણપત્ર NIC સોફ્ટવેરમાં સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

## પરિશિષ્ટ-ક

ગુજરાત રાજ્ય સરકારની સેવાઓમાં / નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો ( Economically Weaker Sections)એ અનામતનો લાભ મેળવવા સારૂ આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નક્કી થયા મુજબનો અરજીનો નમૂનો

---

પ્રતિ,
શ્રી ..............................
..............................
..............................

ફોટો

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પૂરૂ નામ | : | |
| ૨ | અરજદારનું પૂરૂ સરનામું ફોન અને મોબાઇલ નંબર સહિત:<br>(૧) હાલનું<br>(૨) કાયમી | : | |
| ૩ | અરજદારની જાતિ/પેટા જાતિ | : | |
| ૪ | પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૫ | અરજદારનું મૂળ વતન | : | ગામ............ તા............... જિ............ રાજ્ય............ |
| ૬ | અરજદારનો હાલનો વ્યવસાય | : | |
| ૭ | અરજદારના વ્યવસાયનું, ખેતીના સ્થળનુ સરનામુ (ટેલીફોન નંબર સહિત) | : | |
| ૮ | અરજદારના પિતાનું નામ | : | |
| ૯ | અરજદારના પિતાની જાતિ/પેટાજાતિ | : | |
| ૧૦ | અરજદારના પિતાનું વતન | : | |
| ૧૧ | અરજદારના પિતાનો વ્યવસાય | : | |
| ૧૨ | અરજદારના પિતાના વ્યવસાયનું તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | : | |
| ૧૩ | અરજદારના માતાનું નામ | : | |
| ૧૪ | અરજદારના માતાનો વ્યવસાય | : | |
| ૧૫ | અરજદારના માતાના વ્યવસાયનું તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | : | |
| ૧૬ | અરજદારના પતિ/પત્નીનું નામ | : | |
| ૧૭ | અરજદારના પતિ/પત્નીનો વ્યવસાય અને વ્યવસાયનું તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | : | |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | અરજદારના માતાપિતાના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકો એટલે કે અરજદારના ભાઇ-બહેનના નામો. | | |
| ૨૦ | અરજદારના માતાપિતાના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકો એટલે કે અરજદારના ભાઇ-બહેનનો વ્યવસાય તથા ખેતીના સ્થળનુ સરનામું. (ટેલીફોન નંબર સહિત) | | |
| ૨૧ | અરજદારના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકોના નામો. | | |
| ૨૨ | અરજદારના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકોનો વ્યવસાય તથા ખેતીના સ્થળનુ સરનામું. (ટેલીફોન નંબર સહિત) | | |
| ૨૩ | ગુજરાત રાજ્ય બહારના હોય તો ગુજરાત રાજ્યમાં તા.૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાંથી વસવાટ કરે છે કે કેમ તેની વિગત (મુળ વતનનું રાજ્ય અને ગુજરાત રાજ્યમાં કેટલા વર્ષથી વસવાટ કરે છે.) | | |
| ૨૪ | અરજદારના કુટુંબની બધા સ્ત્રોતોમાંથી થતી કુલ વાર્ષિક આવક (વાર્ષિક આવકના હેતુ માટે કુટુંબના તમામ સભ્યો, ભાઇ-બહેન તથા બાળકો સહિતની તમામ સ્ત્રોતમાંથી થતી આવક ભેગી દર્શાવવાની રહેશે) (આવક અંગેના આધારો અલગથી બિડાણ કરવા) | : | |
| ૨૫ | આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવા માટે રજૂ કરેલા આધાર/પુરાવા દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત | : | ૧.<br>૨.<br>૩. |

બાંહેધરી :

હું આથી પ્રમાણિત કરૂ છું કે હું અનુસૂચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગો પૈકીની જાતિનો નથી. તેમજ ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થાય છે. અને આર્થિક રીતે નબળા વર્ગના અનામતના લાભ માટે હું હક્કદાર છું. મે રજૂ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા કોઇ અયોગ્યતા અનામતના લાભ પહેલાં કે પછી માલુમ પડશે ( તે સંજોગોમાં મારી ઉમેદવારી/નિમણૂંક અથવા શૈક્ષણિક પ્રવેશ રદ થવાને પાત્ર છે તે, અને પ્રવર્તમાન કાયદા અને/અથવા નિયમો હેઠળ મારી સામે પગલા લઇ શકાશે તે હું સમજું છું. અમો મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર અધિકૃત સત્તાધિકારી ધ્વારા કોઇ પણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણૂંક કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટુ પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા છે.

તારીખ: (અરજદારની સહી- જ્યાં અરજદાર પુખ્ત વયનો હોય)

સ્થળ: (અરજદારના પિતા અથવા માતા અથવા વાલીની સહી જ્યાં અરજદાર સગીર હોય.)

નોંધ : ગુજરાત સરકારના આર્થિક રીતે નબળા વર્ગોના માપદંડો અને નીતિ અંગેના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ તા.૨૩/૧/૨૦૧૯ અને ત્યારબાદ વખતોવખતના સુધારાની તમામ જોગવાઇ તથા નિયમો વાંચી તેમજ સમજીને તે મુજબની વિગતો ભરવાની રહેશે.

## પરિશિષ્ટ-ક નું બિડાણ

## આર્થિક રીતે નબળા વર્ગના (EWS) ના ઉમેદવારો/ વિદ્યાર્થીઓએ પાત્રતા પ્રમાણપત્ર મેળવવા અંગે અરજી સાથે રજુ કરવાના પુરાવાઓ/આધારો

પાત્રતા પ્રમાણપત્ર મેળવા રજૂ કરવાના થતા પુરાવા/આધાર -

૧ અરજદારના શાળા છોડયાનું પ્રમાણપત્ર/બોનાફાઈડ સર્ટી તથા જરૂરી હોય ત્યાં પિતા,દાદા,કાકા, ફોઇ પૈકી કોઇ એકનું શાળા છોડયાનું પ્રમાણપત્ર

૨. રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ, આધારકાર્ડ, લાઇટબીલ, મ્યુનિસિપલ ટેક્ષ બીલ, ચુંટણી ઓળખકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ અથવા રહેણાંક સાબિત કરતા અન્ય પુરાવા જેમા અરજદારના હાલના સરનામાનો ઉલ્લેખ હોય તે ગમે તે એક.

૩ અન્ય રાજયમાંથી સ્થળાંતરીત થયેલા કિસ્સામાં તા.૧/૪/૧૯૭૮ પહેલાના ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે.

૪. અરજદાર પુખ્તવયના હોય તો તેમનુ સ્વયંનુ નિયત નમૂનાનું સોગંદનામું.

૫. અરજદાર સગીર હોય તો તેના પિતાનું અને પિતા ન હોય તો માતાનુ નિયત નમૂનાનું સોગંદનામું.

૬. અરજદારના કુટુંબના તમામ સભ્યોની વાર્ષિક આવકના પુરાવા

(૧) તમામ નોકરીયાતોના કિસ્સામાં તેમના કચેરીના વડાનુ આવક અંગેનુ તથા હોદ્દો તેમજ વર્ગ દર્શાવતું પ્રમાણપત્ર

(૨) ધંધા/ વ્યવસાયના કિસ્સામાં ગણતરીમાં લેવાયે આગળના વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ

૭. અરજદાર સ્વયં ખેતીની જમીન ધારણ કરતા હોય તો ૭/૧૨ ના ઉતારાની નકલ અને કુટુંબના અન્ય સભ્યો ખેતીની જમીન ધારણ કરતા હોય તો તે રજૂ કરવી તથા ખેતીની આવક દર્શાવતા આધાર રજૂ કરવા.

૮. આવક અંગેના અન્ય સ્રોતોની વિગતો હોય તો રજૂ કરવી

૯. ઉપર્યુક્ત સિવાય અન્ય સ્રોતમાંથી થતી આવક હોય તો તે અંગેના આધારો અલગથી રજૂ કરવા.

૧૦. સક્ષમ અધિકારીઓ/અપીલ અધિકારીઓ જરૂરી જણાય તેવા વધારાના કે અન્ય આધારો પણ માંગી શકશે.

નોંધ :- વિદ્યાર્થી/ઉમેદવારને જે બાબત લાગુ પડતી હોય તેના પુરાવા રજૂ કરવાના રહેશે.

(કાયદેસરના જરૂરી રકમના સ્ટેમ્પ પેપર સાથેનુ સોગંદનામુ)

## આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવાનું સોગંદનામુ

આથી હું/અમે નીચે સહી કરનાર.............................................................................................. ઉ.વ. આશરે.......................... ધર્મ............. ધંધો...................... રહેવાસી................... સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક જાહેર કરૂ છું કે, હું/અમે અમારા પુત્ર / પુત્રી / પાલ્ય નામે ........................................................ માટે આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર મેળવા અંગે અરજી કરેલ છે. તે અરજીમાં મેં/અમોએ અમારા કુટુંબના તમામ સભ્યોની બધા જ સ્રોતોમાંથી થતી આવકની જે વિગતો દર્શાવેલી છે, તે ખરી અને સાચી છે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ તા.૨૩/૧/૨૦૧૯ થી જાહેર કર્યા મુજબ અમો આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના છીએ.

આર્થિક રીતે નબળા વર્ગો માટેના અનામત માટે નક્કી કરેલી કુટુંબની વ્યાખ્યા પ્રમાણે મારા/ અમારા કુટુંબના તમામ સભ્યોની તમામ સાધનોથી મળીને થતી વાર્ષિક નાણાંકીય કુલ આવક નીચે મુજબ છે

| ક્રમ | વિગત | અગાઉનું નાણાંકીય વર્ષ............ |
|---|---|---|
| ૧ | પગારની આવક | |
| ૨ | વેપાર/ધંધાની આવક | |
| ૩ | વ્યવસાયની આવક | |
| ૪ | ખેતીની આવક | |
| ૫ | સ્થાવર મિલકતોમાંથી થતી આવક | |
| ૬ | અન્ય સાધનો/સ્ત્રોત માંથી થતી આવક | |
| ૭ | કુલ આવક | |

હું/અમે આથી પ્રમાણિત કરૂ છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી/અમારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો /અમારો આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થાય છે.

તારીખઃ (અરજદારની સહી- જ્યાં અરજદાર પુખ્ત વયનો હોય)

સ્થળઃ (અરજદારના પિતા અથવા માતા અથવા વાલીની સહી જ્યાં અરજદાર સગીર હોય.)

(Appendix to Resolution of Social Justice and Empowerment Department Dt.25/1/2019
No.EWS/122019/45903/A)

Annexure-KH

Certificate No : ...............

सत्यमेव जयते

**Photo**

## Government of Gujarat

### Eligibility Certificate For Economically Weaker Sections

**(Only for the purpose of EWS reservation under Gujarat state)**

This is to certify that Shri/ Smt/ Kumari ..........................................
is the Son /daughter/ward of ......... ..................... .................................

He/She is the Resident of Village /City ................................................

Taluka/Tehsil.................................. District. ......................................
and he/she belongs to ............caste/class/Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes/ Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No. EWS/122019/45903/A, Dt.23.01.2019 his/her gross family annual income from all sources is Rs..........., which is less than Rs.8,00,000/- therefore it is further certified that he/she is within category of Economically Weaker Sections.

Place:- Signature :-

Date :- Name :-

Designation :-

**This Certificate has been issued on the basis of following proof / evidences/ documents.**

1.

2.

3.

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ગ

પ્રમાણપત્ર ક્રમાંક: ................

ફોટો

सत्यमेव जयते

# ગુજરાત સરકાર

## આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર

(ફક્ત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે)

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/ શ્રીમતી/કુમારી ........................................શ્રી ........................................................................ ના પુત્ર/પુત્રી/પાલ્ય છે. તેઓ ગામ/નગર ........................ તાલુકો .......................... જિલ્લો..........................ના રહેવાસી છે. તેઓ ................ જાતિ પૈકીના છે કે જેનો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જન જાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગોમાં સમાવેશ થતો નથી.

૨. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા..૨૩/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અન્વયે ઠરાવેલા ધોરણો મુજબ તેમના/તેણીના કુટુંબના બધા સ્રોત મળીને થતી કુલ વાર્ષિક આવક રૂ. --------------- છે, જે રૂ. ૮.૦૦ લાખ કરતાં ઓછી હોવાથી તેનો/તેણીનો આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થાય છે.

સ્થળ :-

તારીખ:-

(કચેરીનું રાઉન્ડ સીલ)

સહી/-

નામ :-

હોદ્દો:-

(કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારો:-

૧.

૨.

૩.

આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું
પાત્રતા પ્રમાણપત્ર"ની માન્યતા ૩ વર્ષ
કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
સચિવાલય, ગાંધીનગર
તા:૧૩/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:

(1) આ વિભાગનો તા.૨૩/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(2) આ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(3) આ વિભાગનો તા.૧૧/૦૨/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ

પ્રસ્તાવના:

ગુજરાત સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (1) હેઠળના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓ(SC), અનુસૂચિત જનજાતિઓ(ST), અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો(SEBC)માં આવરી લેવાઇ ન હોઇ તેવી બિનઅનામત વર્ગની જાતિઓ પૈકીના આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે વધારાના ૧૦ ટકા અનામતની નીતિ લાગુ કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (2) આગળના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે જરૂરી "આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" આપવા અંગેની સૂચનાઓ જાહેર કરવામાં આવેલ છે.

"આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" ની માન્યતા એક નાણાકીય વર્ષ હોવાથી અરજદારોને હાલાકીનો સામનો કરવો પડતો હતો તથા પ્રમાણપત્રો આપનારા સક્ષમ સત્તાધિકારીઓ પર કામગીરીનું ભારણ પણ વધ્યું હતું. આથી વિવિધ અરજદારો તરફથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના બિન-ઉન્નત વર્ગના (Non-Creamy Layer) પ્રમાણપત્રની જેમ EWS પ્રમાણપત્રની માન્યતા ત્રણ વર્ષ કરવા અંગે રજુઆતો અત્રે મળેલ હતી. આ રજુઆતો પરત્વે પુખ્ત વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

1. ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટેનું "આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" ઇસ્યુ(issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવાનું રહેશે. આ જોગવાઇનો અમલ આ ઠરાવની તારીખથી કરવાનો રહેશે એટલે

કે હવે પછી ઇસ્યુ થયેલ પ્રમાણપત્રને ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવાનું રહેશે.

2. આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન અરજદારના કુટુંબની આવકમાં ફેરફાર થાય તો અરજદારે તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે. જો અરજદાર આવી જાહેરાત નહીં કરીને વિગતો છુપાવશે તો તે/તેણી કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેના અનામતના લાભ રદ થશે.

3. 'આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર' મેળવવા માટેની અરજીનો સુધારેલો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-ક મુજબ તથા પ્રમાણપત્રનો સુધારેલો નમૂનો પરિશિષ્ટ-ગ મુજબ રહેશે.

4. આ જોગવાઇ ફક્ત ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટેના 'આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર' માટે જ લાગુ પડશે. ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે વંચાણે લીધા ક્રમાંક (3) હેઠળના તા.૧૧/૦૨/૨૦૧૯ ના ઠરાવથી નક્કી થયા મુજબના "Income and Asset Certificate" ની માન્યતા માત્ર એક નાણાકીય વર્ષની હાલની જોગવાઇ પ્રમાણે ચાલુ રહેશે.

5. આર્થિક રીતે નબળા વર્ગો માટેના પાત્રતા પ્રમાણપત્ર અંગેની રાજ્ય સરકારની વખતોવખતની અન્ય સ્થાયી સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.*

- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીના અંગત સચિવશ્રી/ અંગત મદદનીશશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું., ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- વિભાગના સર્વે અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/ ઉપ સચિવશ્રીઓ, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ઠરાવ્યા મુજબનું પ્રમાણપત્ર NIC સોફ્ટવેરમાં સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

---

*પત્ર દ્વારા

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:
ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ક

ગુજરાત રાજ્ય સરકારની સેવાઓમાં / નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો (Economically Weaker Sections)એ અનામતનો લાભ મેળવવા સારૂ આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૧/૨૦૧૯ તથા તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નક્કી થયા મુજબનો અરજીનો નમૂનો

ફોટો

પ્રતિ,
શ્રી ..............................
..............................
..............................

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પુરૂ નામ | : | |
| ૨ | અરજદારનું પુરૂ સરનામું ફોન અને મોબાઇલ નંબર સહિત:<br>(૧) હાલનું<br>(૨) કાયમી | : | |
| ૩ | અરજદારની જાતિ/પેટા જાતિ | : | |
| ૪ | અરજદારનું મૂળ વતન | : | ગામ........... તા............. જિ........... રાજ્ય........... |
| ૫ | અરજદારનો હાલનો વ્યવસાય | : | |
| ૬ | અરજદારના વ્યવસાયનું, ખેતીના સ્થળનુ સરનામુ (ટેલીફોન નંબર સહિત) | : | |
| ૭ | અરજદારના પિતાનું નામ | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ/પેટાજાતિ | : | |
| ૯ | અરજદારના પિતાનું વતન | : | |
| ૧૦ | અરજદારના પિતાનો વ્યવસાય | : | |
| ૧૧ | અરજદારના પિતાના વ્યવસાયનું તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | : | |
| ૧૨ | અરજદારના માતાનું નામ | : | |
| ૧૩ | અરજદારના માતાનો વ્યવસાય | : | |
| ૧૪ | અરજદારના માતાના વ્યવસાયનું તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | : | |
| ૧૫ | અરજદારના પતિ/પત્નીનું નામ | : | |
| ૧૬ | અરજદારના પતિ/પત્નીનો વ્યવસાય અને વ્યવસાયનું તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | : | |
| ૧૭ | અરજદારના માતાપિતાના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકો એટલે કે અરજદારના ભાઇ-બહેનના નામો. | | |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | અરજદારના માતાપિતાના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકો એટલે કે અરજદારના ભાઇ-બહેનનો વ્યવસાય તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | | |
| ૧૯ | અરજદારના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકોના નામો. | | |
| ૨૦ | અરજદારના ૧૮ વર્ષ કરતા નાની વયના બાળકોનો વ્યવસાય તથા ખેતીના સ્થળનુ સરનામું, (ટેલીફોન નંબર સહિત) | | |
| ૨૧ | ગુજરાત રાજ્ય બહારના હોય તો ગુજરાત રાજ્યમાં તા.૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાંથી વસવાટ કરે છે કે કેમ તેની વિગત (મુળ વતનનું રાજ્ય અને ગુજરાત રાજ્યમાં કેટલા વર્ષથી વસવાટ કરે છે.) | | |
| ૨૨ | અરજદારના કુટુંબની બધા સ્રોતોમાંથી થતી કુલ વાર્ષિક આવક (વાર્ષિક આવકના હેતુ માટે કુટુંબના તમામ સભ્યો, ભાઇ-બહેન તથા બાળકો સહિતની તમામ સ્રોતમાંથી થતી આવક ભેગી દર્શાવવાની રહેશે) (આવક અંગેના આધારો અલગથી બિડાણ કરવા) | : | |
| ૨૩ | આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવા માટે રજૂ કરેલા આધાર/પુરાવા દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત | : | ૧.<br>૨.<br>૩. |

## બાંહેધરી :

હું આથી પ્રમાણિત કરૂ છું કે હું અનુસૂચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીની જાતિનો નથી. તેમજ ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થાય છે. અને આર્થિક રીતે નબળા વર્ગના અનામતના લાભ માટે હું હકદાર છું. આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ દરમિયાન ઉપર દર્શાવેલ મારા કુટુંબની કુલ આવકમાં જો વધારો થશે તો હું પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર અધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક જાહેરાત કરવા તથા ઇસ્યુ થયેલ અસલ પ્રમાણપત્ર પરત કરવા બંધાયેલ છું. વધુમાં આવા કેસમાં મને આપવામાં આવેલ પ્રમાણપત્રનો ઉપયોગ હું કોઇ સરકારી લાભ માટે કરીશ નહી. મે રજૂ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલૂમ પડશે અથવા કોઇ અયોગ્યતા અનામતના લાભ પહેલાં કે પછી માલુમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી/નિમણૂંક અથવા શૈક્ષણિક પ્રવેશ રદ થવાને પાત્ર છે તે, અને પ્રવર્તમાન કાયદા અને/અથવા નિયમો હેઠળ મારી સામે પગલા લઇ શકાશે તે હું સમજું છું. અમો મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર અધિકૃત સત્તાધિકારી ધ્વારા કોઇ પણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણૂંક કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટુ પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા છે..

તારીખ: (અરજદારની સહી- જ્યાં અરજદાર પુખ્ત વયના હોય)

સ્થળ: (અરજદારના પિતા અથવા માતા અથવા વાલીની સહી જ્યાં અરજદાર સગીર હોય.)

નોંધ : ગુજરાત સરકારના આર્થિક રીતે નબળા વર્ગોના માપદંડો અને નીતિ અંગેના તા.૨૩/૧/૨૦૧૯, તા.૨૫/૧/૨૦૧૯ તથા તા.૧૩/૦૯/૨૦૧૯ ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ અને ત્યારબાદ વખતોવખતના સુધારાની તમામ જોગવાઇ તથા નિયમો વાંચી તેમજ સમજીને તે મુજબની વિગતો ભરવાની રહેશે.

## પરિશિષ્ટ-ક નું બિડાણ

## આર્થિક રીતે નબળા વર્ગના (EWS) ના ઉમેદવારો/ વિદ્યાર્થીઓએ પાત્રતા પ્રમાણપત્ર મેળવવા અંગે અરજી સાથે રજુ કરવાના પુરાવાઓ/આધારો

**પાત્રતા પ્રમાણપત્ર મેળવા રજૂ કરવાના થતા પુરાવા/આધાર -**

૧ અરજદારના શાળા છોડયાનું પ્રમાણપત્ર/બોનાફાઈડ સર્ટી તથા જરૂરી હોય ત્યાં પિતા,દાદા,કાકા, ફોઇ પૈકી કોઇ એકનું શાળા છોડયાનું પ્રમાણપત્ર

૨. રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ, આધારકાર્ડ, લાઇટબીલ, મ્યુનિસિપલ ટેક્ષ બીલ, પંચાયત મિલકત વેરો, ચુંટણી ઓળખકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ અથવા રહેણાંક સાબિત કરતા અન્ય પુરાવા જેમા અરજદારના હાલના સરનામાનો ઉલ્લેખ હોય તે ગમે તે એક.

૩ અન્ય રાજયમાંથી સ્થળાંતરીત થયેલા કિસ્સામાં તા.૧/૪/૧૯૭૮ પહેલાના ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે.

૪. અરજદાર પુખ્તવયના હોય તો તેમનુ સ્વયંનુ નિયત નમૂનાનું સોગંદનામું.

૫. અરજદાર સગીર હોય તો તેના પિતાનું અને પિતા ન હોય તો માતાનુ તથા જો માતા-પિતા બન્ને ન હોય તો વાલીનું નિયત નમૂનાનું સોગંદનામું.

૬. અરજદારના કુટુંબના તમામ સભ્યોની વાર્ષિક આવકના પુરાવા

(૧) તમામ નોકરીયાતોના કિસ્સામાં તેમના કચેરીના વડાનુ આવક અંગેનુ તથા હોદ્દો તેમજ વર્ગ દર્શાવતું પ્રમાણપત્ર

(૨) ધંધા/ વ્યવસાયના કિસ્સામાં ગણતરીમાં લેવાયે આગળના વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ

૭. અરજદાર સ્વયં ખેતીની જમીન ધારણ કરતા હોય તો ૭/૧૨ ના ઉતારાની નકલ અને કુટુંબના અન્ય સભ્યો ખેતીની જમીન ધારણ કરતા હોય તો તે રજૂ કરવી તથા ખેતીની આવક દર્શાવતા આધાર રજૂ કરવા.

૮. આવક અંગેના અન્ય સ્ત્રોતોની વિગતો હોય તો રજૂ કરવી

૯. ઉપર્યુક્ત સિવાય અન્ય સ્ત્રોતમાંથી થતી આવક હોય તો તે અંગેના આધારો અલગથી રજૂ કરવા.

૧૦. સક્ષમ અધિકારીઓ/અપીલ અધિકારીઓ જરૂરી જણાય તેવા વધારાના કે અન્ય આધારો પણ માંગી શકશે.

**નોંધ :- વિદ્યાર્થી/ઉમેદવારને જે બાબત લાગુ પડતી હોય તેના પુરાવા રજૂ કરવાના રહેશે.**

પરિશિષ્ટ-ક નું બિડાણ

(કાયદેસરના જરૂરી રકમના સ્ટેમ્પ પેપર સાથેનુ સોગંદનામુ)

## આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવાનું સોગંદનામુ

આથી હું/અમે નીચે સહી કરનાર.......................................................................................... ઉ.વ. આશરે..........................ધર્મ.............ધંધો.......................રહેવાસી.................. સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક જાહેર કરૂ છું કે, હું/અમે અમારા પુત્ર / પુત્રી / પાલ્ય નામે ........................................................ માટે આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર મેળવા અંગે અરજી કરેલ છે. તે અરજીમાં મેં/અમોએ અમારા કુટુંબના તમામ સભ્યોની બધા જ સ્ત્રોતોમાંથી થતી આવકની જે વિગતો દર્શાવેલી છે, તે ખરી અને સાચી છે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી જાહેર કર્યા મુજબ અમો આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના છીએ.

આર્થિક રીતે નબળા વર્ગો માટેના અનામત માટે નક્કી કરેલી કુટુંબની વ્યાખ્યા પ્રમાણે મારા/ અમારા કુટુંબના તમામ સભ્યોની તમામ સાધનોથી મળીને થતી વાર્ષિક નાણાંકીય કુલ આવક નીચે મુજબ છે

| ક્રમ | વિગત | અગાઉનું નાણાંકીય વર્ષ........... |
|---|---|---|
| ૧ | પગારની આવક | |
| ૨ | વેપાર/ધંધાની આવક | |
| ૩ | વ્યવસાયની આવક | |
| ૪ | ખેતીની આવક | |
| ૫ | સ્થાવર મિલ્કતોમાંથી થતી આવક | |
| ૬ | અન્ય સાધનો/સ્ત્રોત માંથી થતી આવક | |
| ૭ | કુલ આવક | |

આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ દરમિયાન ઉપર દર્શાવેલ મારા કુટુંબની કુલ આવકમાં જો વધારો થશે તો હું પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર અધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક જાહેરાત કરવા તથા ઇસ્યુ થયેલ અસલ પ્રમાણપત્ર પરત કરવા બંધાયેલ છું. વધુમાં આવા કેસમાં મને આપવામાં આવેલ પ્રમાણપત્રનો ઉપયોગ હું કોઇ સરકારી લાભ માટે કરીશ નહી.

હું/અમે આથી પ્રમાણિત કરૂ છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી/અમારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો /અમારો આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થાય છે.

તારીખઃ (અરજદારની સહી- જ્યાં અરજદાર પુખ્ત વયનો હોય)

સ્થળઃ (અરજદારના પિતા અથવા માતા અથવા વાલીની સહી જ્યાં અરજદાર સગીર હોય.)

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:
ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ગ

પ્રમાણપત્ર ક્રમાંક: ................

ફોટો

સત્યમેવ જયતે

## ગુજરાત સરકાર

## આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર

**(ફક્ત ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના હેતુ માટે)**

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ........................................શ્રી ........................................................................ ના પુત્ર/પુત્રી/પાલ્ય છે. તેઓ ગામ/નગર .................. તાલુકો .......................... જિલ્લો.........................ના રહેવાસી છે. તેઓ ................ જાતિ પૈકીના છે કે જેનો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જન જાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓમાં સમાવેશ થતો નથી.

૨. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા..૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અન્વયે ઠરાવેલા ધોરણો મુજબ તેના/તેણીના કુટુંબના બધા સ્રોત મળીને થતી કુલ વાર્ષિક આવક રૂ. --------------- છે, જે રૂ. ૮.૦૦ લાખ કરતાં ઓછી હોવાથી તેનો/તેણીનો આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થાય છે.

સ્થળ :- સહી/-

નામ :-

તારીખ:- હોદ્દો:-

(કચેરીનું રાઉન્ડ સીલ) (કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારો:-
૧.
૨.
૩.

**નોંધ:- આ પ્રમાણપત્રની માન્યતા પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધીની રહેશે.**

તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પ્રમાણપત્રની માન્યતા ૩ વર્ષ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
સચિવાલય, ગાંધીનગર
તા-૨૬/૦૬/૨૦૨૦

**વંચાણે લીધા:**

(1) આ વિભાગનો તા.૨૩/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(2) આ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(3) આ વિભાગનો તા.૧૧/૦૨/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(4) આ વિભાગનો તા.૧૩/૦૯/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ

**<u>પ્રસ્તાવના:</u>**

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (2) ના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે જરૂરી "આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" આપવાની શરૂઆત કરવામાં આવેલ છે. તથા ઉક્ત ક્રમાંક (4) આગળના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે જરૂરી "આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" ની માન્યતા ૦૩ વર્ષ (પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ૦૩ વર્ષ) કરવામાં આવેલ છે. આ જોગવાઇનો અમલ તા.૧૩/૦૯/૨૦૧૯થી કરવામાં આવેલ છે. એટલે કે તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રો એક નાણાકીય વર્ષ માટે જ માન્ય હતા. આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલ આશરે ૨.૫૦ લાખ EWS પ્રમાણપત્રોની માન્યતા પણ ૦૩ વર્ષ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ:</u>**

(1) તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રોને પણ ઇસ્યુ(Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવાના રહેશે.
(2) તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેતાં અગાઉ ઉમેદવારે સંબંધિત ભરતી સંસ્થા અથવા સબંધિત અભ્યાસક્રમો માટેની પ્રવેશ કમીટી સમક્ષ તેના કુટુંબની આવકમાં વધારો થયેલ નથી અને તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે અંગે આ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં બાંહેધરી આપવાની રહેશે.

(3) આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન અરજદારના કુટુંબની આવકમાં રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ આવકમર્યાદા કરતા વધારો થાય તો અરજદારે તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે તથા આવા પ્રમાણપત્રનો અરજદારે ઉપયોગ કરવાનો રહેશે નહી. જો અરજદાર અથવા તેના વાલી ઇરાદાપૂર્વક વિગતો છુપાવશે તો તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે.

(4) આ જોગવાઇ ફક્ત ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટેના "આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" માટે જ લાગુ પડશે. ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે વંચાણે લીધા ક્રમાંક (3) હેઠળના તા.૧૧/૦૨/૨૦૧૯ ના ઠરાવથી નક્કી થયા મુજબના "Income and Asset Certificate" ની માન્યતા માત્ર એક નાણાકીય વર્ષની હાલની જોગવાઇ પ્રમાણે ચાલુ રહેશે.

(5) આર્થિક રીતે નબળા વર્ગો માટેના પાત્રતા પ્રમાણપત્ર અંગેની રાજ્ય સરકારની વખતોવખતની અન્ય સ્થાયી સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.

- સચિવાલયના તમામ વિભાગ. આપના વિભાગ હેઠળની ભરતી/પ્રવેશ સંસ્થાઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું પરિશિષ્ટ

**બાંહેધરીપત્રક (સાદા કાગળ ઉપર) :-**

## <u>બાંહેધરી</u>

આથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી/કુ ........................................ ઉ.વર્ષ ...., જાતિ ...................., ધંધો ......................, સરનામું ........................................ આથી જાહેર કરું છુ કે ....................(EWS પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સત્તાધિકારી) દ્વારા આપવામાં આવેલ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર ક્રમાંક: ........................ તા...................... ધરાવું છું. જેની મુદત તા......................... ના રોજ પૂર્ણ થયેલ છે. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારી વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી આ પ્રમાણપત્રની માન્યતા પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ૦૩ વર્ષ કરવામાં આવેલ છે, તે મારી જાણમાં છે. હાલ જે આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર ધરાવું છું તેની મુદત પૂર્ણ થયેલ છે ત્યારબાદથી પ્રમાણપત્ર રજૂ કર્યા સુધીમાં મારા કુટુંબની આવકમાં એવો કોઇ વધારો થયેલ નથી કે જેના કારણે હું આર્થિક રીતે નબળા વર્ગો(EWS) પ્રમાણપત્ર મેળવવા માટેની પાત્રતા ધરાવતો બંધ થાઉ. જેથી હું આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેના સરકારશ્રી દ્વારા નિર્ધારીત થયેલ અનામતના લાભો માટે પાત્ર ઠરું છું તેની સ્વયં કબુલાત કરું છું.

આથી હું બાંહેધરી આપું છું કે ઉપર મુજબની વિગત સત્ય છે. ભવિષ્યમાં ગમે ત્યારે અધિકૃત અધિકારી દ્વારા ચકાસણી કરતાં ઉક્ત વિગત ખોટી માલુમ પડશે અથવા અનામતના લાભ મેળવ્યા પહેલાં કે પછી પણ ખોટી માલુમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી/ પ્રવેશ/ નિમણૂંક રદ થવા પાત્ર છે તેની મને જાણકારી છે અને તે સમયે પ્રવર્તમાન કાયદા અને અથવા નિયમો હેઠળ મારી વિરૂધ્ધ પગલાં લઇ શકાય તેની મને જાણ છે અને તે મને બંધનકર્તા છે.

તારીખ : (અરજદારની સહી)

સ્થળ : (અરજદારના માતા અથવા પિતા અથવા વાલીની સહી)